# સાબરકાંઠામાં કોરોનાનો ગ્રાફ ઉંચકાયો : વધુ નવ કેસ

## હિંમતનગરમાં ૩, પ્રાંતિજના ઘડકણમાં ૧ અને ઈડર તાલુકામાં પાંચ કેસ

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં ત્રણ દિવસ બાદ કોરોનાનો ગ્રાફ ઉંચકાયો છે અને છેલ્લા ૨૪ કલાકમાં વધુ નવ કેસ ઉમેરાતાની સાથે જ જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૩૪૨ પર પહોંચી ગયો છે જે નવા કેસ નોધાયા છે તેમાં હિંમતનગરમાં ૩, પ્રાંતિજ તાલુકાના ઘડકણમાં ૧ અને ઈડર તાલુકામાં પાંસ કેસ નોંધાયા છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે સાંજે પાંચ પાગ્યાથી શુક્રવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર શહેરી વિસ્તારમાં આવેલ કાંકણોલની રાજબસેરા સોસાયટીમાં ૫૯ વર્ષિય પુરૂષ, હુસૈનીચોક વિસ્તારમાં ૩૭ વર્ષિય મહિલા તથા બગીચા વિસ્તારમાં ૫૫ વર્ષિય પરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામે રહેતા ૩૪ વર્ષિય યુવક પણ કોરોનામાં સપડાયો છે.

તે જ પ્રમાણે ઈડર તાલુકાના ઓડા ગામે રહેતા ૨૪ વર્ષિય યુવક તથા ૨૨ વર્ષિય મહિલા એમ બે લોકો કોરોનામાં સપડાઈ ચૂક્યા છે તથા ઈડરની કુંડ ફળીમાં રહેતા ૪૫ વર્ષિય પુરૂષ, ભાટીયા વાસમાં ૭૦ વર્ષિય વૃદ્ધ અને ૨૦ વર્ષિય યુવક કોરોના પોઝીટીવનો ભોગ બનતા આ તમામને સારવાર માટે ખસેડાયા છે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવનો આંકડો ૩૩૨ હતો જે શુક્રવારે સાંજે પાંચ વાગે ૩૪૧ થઈ ગયો છે. જે પૈકી ૨૪૬ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે અને હાલ ૮૮ કેસ એક્ટીવ છે. જિલ્લામાં સૌથી વધુ કોરોના પોઝીટીવના કેસ હિંમતનગરમાં ૧૫૪ જ્યારે પ્રાંતિજ તાલુકામાં ૭૨ છે.



અરવલ્લી જિલ્લા કલેક્ટરે બાયડમાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનની મુલાકાત લીધી હતી.

## ઊંઝા તાલુકામાં કોરોના વકર્યો

ઊંઝા, તા. ૨૪

ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો કહેર વધતાં કેટલાયે લોકો આમાં સપડાયા છે તો કેટલાક વ્યક્તીઓને કોરોના ભરખી ગયો હોઈ તબીબઆલમ સહિત આમ જનતામાં ફફડાટ વ્યાપી ગયો છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા શહેર અને આસપાસના ઉનાવા સહિતના કેટલાક ગામોના કેટલાક લોકો કોરોનાની ચપેટમાં આવી ગયા છે. સરકારી દફતરે જૂજ કેસો દર્શાવાય છે. પરંતુ સિટીસ્કેનના માધ્યમથી ખાનગી હોસ્પિટલોમાં લોકો રીપોર્ટ કઢાવીને હોમ આઈસોલેશન તથા ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. આમ ખાનગી હોસ્પિટલોમાં સિટીસ્કેન કરાવીને સંક્રમણનો ભોગ બનેલા લોકો બારોબાર સારવાર લેતા હોઈ આવા લોકોની સંખ્યા સવિશેષ હોવાનું કહેવાય છે.

તાલુકામાં સહકારી અને રાજકીયક્ષેત્ર સાથે સંકળાયેલ કેટલાક વ્યક્તિઓ પણ કોરોનાના ચેપથી બચી શક્યા નથી તેમ ચર્ચાય છે. બીજુ તાલુકા અને જિલ્લામથકે કોરોનાને લગતા કેસો સંદર્ભે સ્પષ્ટ માહિતી મળી શકતી નથી. જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા કેસો અંગે જે અખબારી યાદી બહાર પડાય છે તેમાં કેસો ઓછા દર્શાવવામાં આવતા હોવાનું કહેવાય છે. ઊંઝા શહેરમાં એક સપ્તાહ સુધી સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરાયેલ છે. તેમ છતાં કોરોનાના વધતા જતા કહેરથી લોકો ભયની લાગણી અનુભવી રહ્યા છે. ઊંઝામાં આ સંક્રમણને અટકાવવા માટે ઉકાળા બનાવીને લોકો સુધી પહોંચાડવાનું કામ ચાલી રહ્યું છે. છતાં કોરોના અટકવાનું નામ લેતો નથી. કોરોનાની મહામારીને નિયંત્રીત કરવામાં લાગતા વળગતા તંત્રો નિષ્ફળ નિવડ્યા હોવાની છાપ લોકમાનસમાં ઉદ્ભવી છે.

## બાયડ તાલુકામાં કોરોનાનો કહેર યથાવત : નવા ત્રણ કેસ

### તાલુકામાં કોરોનાના કેસમાં સતત વધારો થતાં લોકો ભયભીત

બાયડ, તા. ૨૪

બાયડ તાલુકામાં કોરોનાના કેસોમાં સતત વધારે થઈ ગયો છે ત્યારે આજરોજ બાયડ તાલુકાના પેન્ટર પુરા સાઠંબા તથા ચોઈલા ગામે કોરોનાના કેસો નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા તમામ જગ્યાએ જઈ સર્વેની કામગીરી હાથ ધરી હતી. બાયડ તાલુકાના પેન્ટર પુરા ગામે ૭૮ વર્ષીય પુરુષ તથા સાઠંબા ગામે ૩૮ વર્ષીય મહિલાને તથા ચોઈલા ગામે ૮૫ વર્ષીય પુરુષ કોરોનામાં સપડાતા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું.

# અરવલ્લી આરોગ્યતંત્ર એટલે 'જાદુગર'

## કોરોનાના આંકડાઓ છુપાવવામાં રાજ્યમાં અવ્વલ..!! : મૃતકના આંકડા અને હવે પોઝિટિવ કેસના આંકડામાં પણ વિલંબ

અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધતા કહેર વચ્ચે હવે આરોગ્ય વિભાગ જાણે કોરોના સંક્રમણનો શિકાર થયું હોય તેવું લોક ચર્ચાએ જોર પકડ્યું છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસ વધી રહ્યા છે, પણ આરોગ્ય વિભાગ આંકડા છુપાવી રહ્યું છે. વહીવટીતંત્રની દેખરેખ નીચે હવે આરોગ્ય વિભાગ અભ્યાસુ બની ગયું છે. શરૂઆતમાં અરવલ્લી જિલ્લામાં કોરોનાના આંકડાઓ આપવામાં આરોગ્ય વિભાગ સજાગ હતું, પણ જેમ જેમ જિલ્લામાં કોરોનાનો કહેર વધ્યો તેમ તેમ સંક્રમણ જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી તેમજ આરોગ્ય વિભાગમાં પણ પ્રસર્યું, જેથી હવે આંકડાઓ કોરોનાના સંક્રમણમાં આવી ગયા હોય તેવું લાગી રહ્યું છે.

અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા પંચાયતની આગેવાનીમાં આરોગ્ય અધિકારીઓ પહેલા આંકડાઓ સંપૂર્ણપણે આપતા હતા, પછી ધીરે ધીરે તાલુકાની માહિતી બંધ કરી, એટલે ઓછુ પડતું હતું તો મૃતકોના આંકડા આપવાના બંધ કરી દીધા, એટલું જ નહીં હવે તો પોઝિટિવ કેસના પણ આંકડા જાહેર કરવાનું બંધ કરી દીધું હોય તેવું લાગી રહ્યું છે. આંકડાની માયાજાળમાં આરોગ્ય વિભાગ હવે ગોથા ગાઈ રહ્યું છે, જેથી અધિકારીઓ હવે આંકડાને છુપાવવના જાદુગર બની ગયા છે. જિલ્લામાં કોરોનાના સતત વધતા કહેરને લઈને પણ તંત્ર દ્વારા કોઈ જ નક્કર પગલાં લેવાતા નથી અને કામગીરીની ઉણપને છુપાવવાના કાવતરા ઘડાઈ રહ્યા હોય તેનું પણ હવે લોકો ચર્ચા કરી રહ્યા છે. આરોગ્ય વિભાગને આંકડા જાહેર કરવામાં વાંધો શું આવે છે, તે હજુ સુધી કોઈ સમજી શક્યું નથી.




જિલ્લાનું આરોગ્ય વિભાગ એટલી હદે કથળી ગયું છે કે જિલ્લાની જનતાને વિશ્વાસ રહ્યો નથી અને સારવાર કરાવવા માટે અમદાવાદ, વડોદરા કે ગાંધીનગર સુધી જવાનો વારો આવ્યો છે, કારણ કે જે તંત્ર આંકડા છુપાવી જાદુગર બની શકે તે કંઈપણ કરી શકે છે, માટે જનતા હવે પોતાની રીતે સારવાર કરાવી આત્મનિર્ભર બની રહી છે, પણ તંત્રને કશુ જ દેખાતું ન હોય તેવું લાગી રહ્યું છે.

આરોગ્ય વિભાગ તબક્કાવાર આંકડાઓ બંધ કરીને સાબિત શું કરવા માંગે છે, તે હજુ સુધી કોઈ સમજી શક્યું નથી, પણ અહીં સવાલ એ થાય છે કે આંકડા જાહેર નહીં કરાય તો શું કોરોનાના કેસ આવતા બંધ થશે ? શું મૃત્યુઆંકમાં ઘટાડો થશે, કે પછી કોરોનાનું સંકટ ટળી શકશે ? જો કોરોનાના આંકડા જાહેર કરવાથી આ બધુ થઈ શકતું હોય તો આંકડા જાહેર કરવા હિતાવહ નથી. આરોગ્ય વિભાગ આંકડા જાહેર નથી કરતું પણ હવે લોકો સમજી ગયા છે કે કોરોના પોઝિટિવ કેસનો આંક કેટલે પહોંચ્યો છે, જેથી સોશિયલ મીડિયામાં રોજે-રોજ આંકડાઓ આવી જ જાય છે, જે કદાચ વહીવટીતંત્ર તેમ આરોગ્ય વિભાગ પાસે પહોંચી જતા હશે. સોશિયલ મીડિયા પર ચાલતા કોરોનાના આંકડાથી કહી શકાય કે જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગે જનતાને 'આત્મનિર્ભર' બનાવી દીધા.

## અરવલ્લી જિલ્લામાં કોરોના બેકાબુ, વધુ ૭ કેસ, કુલ આંક ૩૧૨

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે, ત્યારે શુક્રવારના રોજ વધુ ૭ નવા પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૩૦૦ ને પાર કરી ૩૧૨ પર પહોંચ્યો છે. શુક્રવારના રોજ અરવલ્લી જિલ્લાના બાયડ અને મેઘરજ તાલુકામાં ૩-૩ અને મોડાસા શહેરમાંથી ૧ કોરોના પોઝીટીવ દર્દીઓ મળી આવ્યા છે. જીલ્લામાં કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રસરતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

મોડાસા શહેર સહિત જિલ્લાભરમાં કોરોના વાયરસ થોભવાનું નામ નથી લઈ રહ્યો. દિવસેને દિવસે કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. આજે મેઘરજ નગરના ગેસ્ટહાઉસ રોડ પર રહેતા ૫૦ વર્ષીય આધેડ, રામનગર સોસાયટીમાં રહેતો ૩૨ વર્ષીય યુવક અને નવજીવન સોસાયટીમાં રહેતા ૬૩ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવ્યો હતો. બાયડ તાલુકાના સાઠંબા ગામની ૩૮ વર્ષીય મહિલા, ચોઈલા અને પેંટરપુરા ગામના વૃદ્ધ કોરોનાગ્રસ્ત બન્યા હતા તમામ કોરોના પોઝેટીવ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરી સઘન સારવાર હાથ ધરી હતી.

મોડાસા શહેર ઉપરાંત જિલ્લાના બાયડ તથા મેઘરજ તાલુકામાં કોરોનાનું સંક્રમણ દિન-પ્રતિદિન રોકેટ ગતિએ વધી રહ્યું છે ત્યારે જિલ્લાવાસીઓમાં ફફડાટની લાગણી વ્યાપી છે. આજે વિવિધ સ્થળોએથી કોરોનાના પોઝીટીવ કેસો નોંધાતા સ્થાનિક પાલિકા તંત્ર, પંચાયત તેમજ આરોગ્યતંત્રની ટીમો જે-તે વિસ્તારમાં પહોંચી ગઈ હતી અને કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારજનોને કોરોન્ટાઈન કરી તબીબી પરીક્ષણ હાથ ધરી સમગ્ર વિસ્તારને સેનીટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી હતી.

## અરવલ્લીના ચાલીસ હજારથી વધુને ઈમ્યુનીટી કિટનું વિતરણ કરાયું

### હોમ કોરોન્ટાઇન કરાયેલા ૭૨૧ પૈકી ૬૩૮ને કિટ અપાઇ

અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝિટીવના ૨૯૦થી વધુ દર્દીઓ નોંધાયા છે




ત્યારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોને કેન્ટેન્ટમેન્ટ જાહેર કરવામાં આવ્યા છે ત્યારે આ વિસ્તારમાં આવતા લોકોને સંક્રમણનું જોખમ રહેતુ હોય છે. તેની સાથે નોન કન્ટેન્ટમેન્ટ વિસ્તારના લોકોની રોગપ્રતિકાર શક્તિમાં વધારો થાય જેથી કોરોનાને અટકાવી શકાય તેના માટે આરોગ્ય વિભાગ દ્વારા ઈમ્યુનિટી કિટનું વિતરણ કરવામાં આવતુ હોય છે.

જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોના પ્રભાવિત અને તે સિવાયના અન્ય વિસ્તારના ભિલોડામાંથી ૫૭૫૧, ધનસુરામાં ૭૮૪, મેઘરજમાં ૧૬૬૧, મોડાસામાં ૧૭૬૯૨, માલપુરમાં ૮૮ જયારે બાયડમાં ૧૪૦૯૫ મળી કુલ ૪૦૦૭૧ લોકોને ઈમ્યુનીટી કિટનું વિતરણ કરવામાં આવી છે. આની સાથે કોરોનાનું જોખમ સૌથી વધારે હોય તેવા સર્ગભાઓ, વૃધ્ધો અને બાળકોની ઓળખ કરી તેમનામાં રોગ પ્રતિકાર શક્તિમાં વધારો થાય તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિટામીન-સી, ડી અને વિટામીન-એ ની ટેબલેટ તથા ઉકાળા સહિતની ઈમ્યુનિટી કિટનું વિતરણ કરાયું જયારે ભિલોડાના ૮૫, મેઘરજના ૧૩૪, મોડાસાના ૧૯૨ અને બાયડના ૨૨૭ મળી કુલ ૬૩૮ હોમ કોરોન્ટાઈન કરાયેલા વ્યક્તિઓને ઈમ્યુનિટી કિટનું વિતરણ કરાયું છે.

## ખેડબ્રહ્મા તાલુકાના મટોડા પાસેથી ઘઉં ભરેલી ગાડીમાં સંતાડી રાખેલ દારૂ સાથે બે ઝડપાયા

ખેડબ્રહમાં પોલીસ સ્ટાફ પેટ્રોલિંમાં હતો ત્યારે શુક્રવાર સવારે બાતમી આધારે મટોડા ગામ પાસે નાકાબંધી કરી કમાન્ડર જીપ ન. જીજે ૬ એબી ૫૨૮૩ને રોકાતા તેમાં ઘઉના કટ્ટા ભરેલા હતા જેની ઊંડાણપૂર્વક તપાસ કરતા વિદેશી બનાવટના દારૂની બોટલો, બિયરની કાચની બોટલો, દેશી દારૂની પ્લાસ્ટિકની બોટલો મલી કુલ ૩૦૦ બોટલ કિંમત રૂ ૧૮૭૨૦નો દારૂ મલી આવેલ જે અંગે કોઈ પાસ પરમીટ ન હોઈ જપ્ત કરી બે મોબાઈલ કિંમત ૭૦૦૦ ઘઉ ૧૪૧ કિલો કિંમત ૨૩૨૬ તથા ગાડી ૧ લાખ મળી કુલ ૧૨૮૦૪૬ના મુદ્દામાલ સાથેએ હિતેશભાઈ સમાનભાઈ, રહે. વેકરી દાંતા અને જેનિયો લેબાભાઈ ડાભી રહે. કુકડી દાંતાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## હિંમતનગર એસટી ડિવિઝનના કંટ્રોલરની ફરજ પ્રત્યે બેદરકારી બદલ તપાસનો ધમધમાટ


ગુજરાત રાજ્ય એસટી નિગમના અમદાવાદના નરોડા સ્થિત આવેલ વર્કશોપમાં વર્ષ-૨૦૧૯ માં વર્કસ મેનેજર તરીકે ફરજ બજાવતા અને હાલ હિંમતનગર વિભાગીય કચેરીમાં કંટ્રોલર તરીકે ફરજ બજાવતા આ ઉચ્ચ અધિકારીએ પોતાના ફરજકાળ દરમિયાન બસો માટેની બોડી બનાવવા માટે જરૂરી સ્ટાફ હોવા છતાં કામમાં બેદરકારી દાખવી હોવાના આક્ષેપો થયા બાદ તેમની સામે નિગમ દ્વારા તપાસ પંચ નિમવામાં આવ્યુ હતુ જેના ત્રણ અધિકારીઓએ શુક્રવારે હિંમતનગરના ડીસીની મુલાકાત લઈ તેમના નિવેદનો લીધા છે.

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વર્ષ-૨૦૧૯માં નરોડા સ્થિત એસ.ટી. વર્કશોપમાં વર્કસ મેનેજર તરીકે ફરજ બજાવતા અધિકારી કમલહસને તત્કાલિન સમયે મેઈન પાવર, મટીરીયલ્સની ઉપલબ્ધિ હોવા છતા વર્કશોપમાં દર મહિને ૨૦૦ બોડી બનાવી સકવાની ક્ષમતા હોવા છતાં કમલહસને અગમ્ય કારણોસર કામગીરી ન કરી હોવાના આક્ષેપ થયા છે. તો બીજી તરફ ચેસીસ ખરીદવાનો પરચેઝ ઓર્ડર ૧૦ માર્ચ ૨૦૧૯ માં ઓર્ડર આપ્યો હોવા છતાં ઓક્ટોબર ૨૦૧૯ સુધી કોઈ કાર્યવાહી થઈ ન હોવાનું માનીને કોઈક મોટા માથાએ મામલો નિપટાવવા માટે તોડ કરવાના આશયથી આડકતરી રીતે કમલહસનને ઈશારો કર્યો હતો. પરંતુ આ મોટુ માથુ તેમાં સફળ થયુ ન હોવાનુ મનાય છે.

## ઈડરના જૈન પાવાપુરી મંદિરના બંને મહારાજોની રીમાન્ડ અરજી નામંજુર

ઈડરના રાણી તળાવ સ્થિત પાવાપુરી જૈન મંદિરના બે મુનીઓ વિરૂદ્ધ કથિત વ્યભિચારના આક્ષેપોએ જૈન સમાજ સહિત અન્ય સમાજોમાં ભારે ચકચાર મચાવી છે. ત્યારે શુક્રવારે ઈડરની કોર્ટમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી સુનાવણી દરમિયાન ન્યાયાધીશે નીચલી કોર્ટના ચુકાદાને ગ્રાહ્ય રાખી રીમાન્ડ માટેની રીવીઝન અરજી નામંજુર કરતાની સાથે હાલના તબક્કે આ પ્રકરણ પર પૂર્ણવિરામ મુકાઈ ગયુ હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. આ અંગે ઈડરના સરકારી વકીલ પ્રણવ સોનીના જણાવાયા મુજબ પાવાપુરી જૈન મંદિરના બે મુનીઓ વિરૂદ્ધ થોડા સમય અગાઉ વ્યભિચારના થયેલા કથિત આક્ષેપો બાદ મામલો ઈડર પોલીસ સ્ટેશનમાં પહોચ્યો હતો જ્યાં પોલીસે વધુ તપાસ માટે બંને મુનીઓ માટે રીમાન્ડ અરજી કોર્ટમં કરી હતી પરંતુ તત્કાલીન સમયે ઈડરની કોર્ટના ન્યાયાધીશે આ રીમાન્ડ અરજી નામંજુર કરી દીધી હતી.

તેમ છતા ફરીથી થોડા દિવસ અગાઉ અગમ્ય કારણોસર આ મામલે ઈડરની કોર્ટમાં રીવીઝન અરજી દાખલથી હતી જેની બે દિવસ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી થયેલી સુનાવણીના અંતે શુક્રવારે ઈડર કોર્ટના ન્યાયાધીશ ટી.એસ. બ્રહ્મભટ્ટે રીમાન્ડ અરજી નામંજુર કરીને નીચલી કોર્ટે આપેલા ચુકાદાને ગ્રાહ્ય રાખતો આદેશ કર્યો છે. જેથી હાલના તબક્કે આ પ્રકરણ પર પૂર્ણવિરામ મુકાયુ છે તેમ કહી શકાય.



વાત્રકના ધારેશ્વર મહાદેવ મંદિર ખાતે સેનેટાઇઝર ટનલ મૂકાઇ

બાયડમાં એક તરફ કોરોનાના કેસોમા સતત વધારો થયો છે ત્યારે મંદિરમાં પણ ભક્તોના સ્વાસ્થ્યને ધ્યાને લઈ બાયડ તાલુકાના વાત્રક નજીક આવેલ ધારેશ્વર મહાદેવ મંદિર ખાતે ભક્તો માટે સેનેટાઈઝર ટનલની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સેનીટાઈઝર ટનલ વાત્રક ગામે આવેલ પાવન ઝેરોક્ષના ડાહ્યાભાઈ જેસીંગભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા મૂકવામાં આવી હતી.

## ધાનેરા નગરપાલિકા

### ઓનલાઈન ટેન્ડર

### જાહેર નિવિદા-૨૦૨૦

નગરપાલિકા ધાનેરા દ્વારા નગરપાલિકાના સ્વભંડોળમાં પાણી-પુરવઠા શાખામાં વાર્ષિક મોટર રીપેરીંગ કામગીરી, ક્લોરીનેશન માટેની દવા, ક્લોરીન પ્લાન્ટ, તથા ૧૫મા. નાણાપંચ મા પંમ્પિંગ મશીનરી માટેની કામગીરી રૂ. ૧૪.૯૦ લાખ માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૨૪/૭/૨૦૨૦ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

| અનુ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા. ૨૪/૭/૨૦૨૦થી તા. ૧૩/૮/૨૦૨૦ ના રોજ ૧૮/૦૦ કલાક સુધી |
| ૨ | ટેન્ડર ઓનલાઈન સબમિશન | તા. ૧૩/૮/૨૦૨૦ના રોજ ૧૮/૦૦ કલાક સુધી |
| ૩. | ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફિસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ | તા. ૧૪/૮/૨૦૨૦ |
| ૪. | ટેન્ડર ઓપનીંગ | તા. ૧૬/૮/૨૦૨૦ (સંભવિત) |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકાશે.

એસ.એમ. અન્સારી, મુખ્ય અધિકારી, નગરપાલિકા ધાનેરા
ઉગમબેન એમ. રાજપુત, ચેરમેન, પાણી પુરવઠા સમિતિ
વસંતીબેન વી. ગલચર, ઉપપ્રમુખ, નગરપાલિકા ધાનેરા
યુસુફખાન એમ. બેલીમ, પ્રમુખ, નગરપાલિકા ધાનેરા